| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૮.૧૨.૨૦૨૩ | | |
| નોંધણી તારીખ | ૦૮.૧૨.૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૨૫.૦૩.૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૩ | ૧૭ |

---

ભરૂચના મહેરબાન સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ.

---

**<u>સેસન્સ કેસ નંબર : ૧૦૨/૨૦૨૩</u>**

**આંક–....**

ફરિયાદી :– શ્રી સ ર કા ર

...વિરૂધ્ધ...

આરોપી:– પાર્થભાઇ ભગુભાઇ જોષી

રહે. મ.નં.૭૪, માનસનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિરની નજીક, ઝાડેશ્વર, ભરૂચ

ગુન્હો :–<u>ઇ.પી.કોડની કલમ–૩૭૯(એ)(૩),૫૦૪ મુજબનો</u>.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સુશ્રી એન.એમ.મિસ્ત્રી

આરોપી તરફે વિ.વકીલશ્રી એચ.ટી.ચૌધરી

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૦.૦૨.૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૦.૦૨.૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૧૫.૦૯.૨૦૨૩ |
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૦૫.૦૨.૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૧૨.૧૧.૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૧૨.૦૩.૨૦૨૬ |
| હુકમની તારીખ | ૨૫.૦૩.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | ૨૫.૦૩.૨૦૨૬ |

## આરોપીની વિગત

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડ કર્યાની તારીખ | જામીન ઉપર મુકત થયાની તારીખ | જે ગુન્હાનો આરોપ મુકયો છે તે ગુન્હો | નિર્દોષ કે દોષિત | લાદવામાં આવેલી સજા | ક્રિ.પ્રો.કોડની કલમ-૪૨૮ ના હેતુ માટે સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાર્થભાઇ ભગુભાઇ જોષી | ૨૭.૦૨.૨૦૨૩ | ૦૪.૦૩.૨૦૨૩ | ઇ.પી.કોડની કલમ-૩૭૯(એ)(૩), ૫૦૪ | કલમ-૩૭૯(એ)(૩) માટે નિર્દોષ કલમ-૫૦૪ માટે દોષિત | આખરી હુકમ મુજબ | - |

## -:: ચુ કા દો ::-

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, ફરિયાદી દ્રષ્ટિબેન દિપકભાઇ સોની આરોપીના પત્નિ છે, પરંતુ ફરિયાદી દ્રષ્ટિબેન આરોપી પાર્થભાઇથી અલગ રહે છે. તા.૨૦.૦૨.૨૦૨૩ ના રોજ કલાક ૧૯.૧૦ વાગે ઇન્દ્રપ્રથ કોમ્પ્લેક્ષ સામે મકતમપુર તરફ જવાના રસ્તા ઉપર ફરિયાદી પોતાનુ જયુપીટર મોપેડ લઇને જતા હતા ત્યારે આરોપીએ હોન્ડા ડીઓ મોપેડ નં.જી.જે.૭૪૪૭ ઉપર આવી ફરિયાદીને ગાળો બોલી, તુ મોબાઇલ ફોનમાં કોની સાથે વાતો કરે છે તેમ કહી ફરિયાદીને હેરાન કરવા લાગતા ફરિયાદીએ પોતાનો વીવો કંપનીનો વીર૩ ૫-જી મોબાઇલ ફોન કાઢીને તેણીના ભાઇ મિહીરભાઇને ફોન કરવા જતા આરોપીએ ફરિયાદીના હાથમાંથી મોબાઇલ ફોન ચીલઝડપ કરી ઝુંટવી લઇ નાસી જઇ ગુન્હો કરેલ હોવા બાબતની ફરિયાદ ભરૂચ શહેર સી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ.

(૨) ફરિયાદીની ફરિયાદ આધારે ભરૂચ શહેર સી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૧૨૩૦૧૪૦/૨૦૨૩ થી ઇ.પી.કોડની કલમ–૩૭૯(એ)(૩),૫૦૪ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ પોલીસ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરાવા મળી આવતા ભરૂચના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ઉપરોકત જણાવ્યા મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવતા તે ક્રિ.કે.નં.૭૬૨૭/૨૦૨૩ થી નોંધવામાં આવેલ. પરંતુ સદરહુ ગુન્હો ઇ.પી.કોડની કલમ–૩૭૯(એ)(૩) મુજબનો હોઇ સદરહું ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સેસન્સ કોર્ટને હોઇ ભરૂચના વિ.ચોથા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ સદરહુ કેસ સેસન્સ કોર્ટ, ભરૂચ ખાતે કમીટ કરવાનો હુકમ કરી રેકર્ડ સેસન્સ કોર્ટ, ભરૂચમાં મોકલી આપતા તે સેસન્સ કેસ નં.૧૦૨/૨૦૨૩ થી નોંધાયેલ. ત્યારબાદ આરોપી સામેની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહું કામમાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ તા.૦૫.૦૨.૨૦૨૫ ના રોજ આરોપી સામે આંક–૭ થી તહોમતનામુ ફરમાવેલ અને સદરહુ તહોમતામુ વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ આંક–૮ થી ના નિવેદનથી ગુન્હાનો ઇન્કાર કરતા કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૪) સદરહુ કામે ફરિયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવા માટે નવ સાહેદો તપાસેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૫) આ કામે ફરિયાદ પક્ષે ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવ્યા બાદ આરોપીને બચાવ કરવાની પુરતી અને વ્યાજબી તક મળી રહે તે હેતુસર તેઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેતાં, આરોપીએ ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ખોટો હોવાનું અને તેઓની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે અને આરોપીને વિશેષમાં કોઇ ખુલાસો કરવો છે તે અંગે પુછતા આરોપીએ જણાવેલ છે કે ''અમો નિર્દોષ છીએ. ફરિયાદીએ

અમારી સામે આશરે વીસથી બાવીસ લગ્ન સંબંધી ખોટી ફરિયાદ ભરૂચ એસ.પી. કચેરી, ભરૂચ મહિલા પોલીસ સ્ટેશન તેમજ ભરૂચ સી–ડીવીઝન પોલીસ સ્ટેશન વિગેરેમાં કરેલ હોય અને અમોને તથા અમારા પરિવારને ખોટી રીતે શારીરિક અને માનસિક ત્રાસ આપવાના બદઆશયથી આ ફરિયાદ કરવામાં આવેલ છે.'' આ કામે આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઇ સાહેદ તપાસેલા નથી તેમજ કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.

<u>ફરિયાદ પક્ષની દલીલો</u>

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે આ કામે આંક–૧૪ થી ફરિયાદી દ્રષ્ટિબેન જોષીને તપાસવામાં આવેલા છે. ફરિયાદી પોતાની જુબાનીમાં સ્પષ્ટ પુરાવો આપેલ છે કે તા.૨૦.૦૨.૨૦૨૩ ના રોજ સાંજના પોણા સાત વાગે તેઓ ઝાડેશ્વર ચોકડી થઇ તેમના ઘરે જતા હતા ત્યારે તેઓના પતિ તેઓનો પીછો કરતા હતા અને ગંદી ગંદી ગાળો આપી તેણીના ચારિત્ર ઉપર આંગળી ઉઠાવતા હતા અને તેઓને ધમકી આપતા હતા તેમજ ત્યારબાદ તેણી મોપેડ લઇને જતા હતા ત્યારે ઈન્દ્રપ્રસ્થ જવાના રસ્તા ઉપર ઉભી રાખી તેણીના હાથમાંથી આરોપી મોબાઇલ ઝુંટવી લઇ નાસી ગયેલ. ફરિયાદીએ ઉલટ તપાસમાં એ હકીકત નકારેલ છે કે આરોપીએ તેઓનો મોબાઇલ ફોન ઝુંટવેલો તે ખોટુ જણાવેલ છે. આમ, ફરિયાદીને તેઓના પતિને એટલે કે આરોપીને ગુન્હામાં ખોટી રીતે ફસાવવા માટેનું કોઇ કારણ નથી. બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ–સાહેદ કિરીટભાઇ નટવરલાલ પટેલ (આંક–૧૯) નાએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ છે. આ કામે તપાસવામાં આવેલા અન્ય પંચો અને સાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી, પરંતુ તપાસ કરનાર અધિકારી પીન્ટુકુમાર જગન્નાથ સાળુંકે પોતાની જુબાનીમાં સાહેદોના લખાવ્યા મુજબના નિવેદનો લખેલ હોવાની અને પંચોની હાજરીમાં પંચનામા કરેલ હોવાનો પુરાવો આપેલ છે અને તપાસ કરનાર અધિકારીના પુરાવાથી સાહેદોના નિવેદનોમાંની હકીકતો

તેમજ પંચનામાની હકીકતોને સમર્થન મળી રહે છે. તપાસ કરનાર અધિકારી સ્વતંત્ર અને નિષ્પક્ષ સાહેદ હોઈ તેઓના પુરાવાને નહિ માનવા માટેનું કોઈ કારણ નથી. તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોતાં તેઓએ આરોપી સામે પુરતા પુરાવા હોઇ ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી પણ ફરિયાદ પક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન મળે છે. આમ, ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થતો હોઇ આરોપીને આક્ષેપીત ગુન્હા માટે તકસીરવાન ઠરાવી મહત્તમ સજા ફરમાવવા રજુઆત કરેલ છે.

<u>આરોપી પક્ષે દલીલો</u>

(૭) આરોપી તરફે વિ.વકીલશ્રીની રજુઆત છે કે આ કામે તપાસવામાં આવેલા ફરિયાદી ધ્રષ્ટિબેનની ઉલટ તપાસ જોવામાં આવે તો ફરિયાદીએ આરોપી સામે અગાઉ ડોમેસ્ટીક વાયોલન્સ એકટની ફરિયાદ કરેલ હોવાનું કબુલ રાખેલ છે. ઉલટ તપાસ જોતાં ફરિયાદી અને આરોપી વચ્ચે અગાઉથી તકરારો ચાલતી આવેલી છે. જેથી આરોપીને હેરાન કરવા માટે હાલની ખોટી ફરિયાદ કરેલ હોવાનું માની શકાય તેમ છે. આ કામે તપાસવામાં આવેલા સાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી અને ફરિયાદ પક્ષ તરફે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી. આ કામે તપાસવામાં આવેલા પંચો પણ ફરી ગયા છે અને પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ ફરિયાદી, સાહેદો અને પંચોના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ફરિયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ નથી. આ કામે તપાસવામાં આવેલા તપાસ કરનાર અધિકારીએ પોતાના પુરાવામાં તેઓએ કરેલ તપાસની હકીકતો જણાવેલી છે પરંતુ આ કામે

સાહેદોના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતો સમર્થન મળતુ નથી ત્યારે માત્ર પોલીસ સાહેદો અને દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી. ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે અને જો ફરિયાદ પક્ષના કેસમાં કોઇ શંકા ઉપસ્થિત થાય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. ફરિયાદ પક્ષ તરફથી આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો શંકારહિતનો અને માનવાલાયક પુરાવો રજુ થયેલ ન હોઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૦.૦૨.૨૦૨૩ ના રોજ કલાક ૧૯.૧૦ વાગે ઇન્દ્રપ્રથ કોમ્પ્લેક્ષ સામે મકતમપુર તરફ જવાના રસ્તા ઉપર ફરિયાદી પોતાનુ જયુપીટર મોપેડ લઇને જતા હતા ત્યારે આરોપીએ ફરિયાદીનો પીછો કરી હોન્ડા ડીઓ મોપેડ નં.જી.જે.૭૪૪૭ ઉપર આવી ફરિયાદી મોબાઇલ ફોન ઉપર વાત કરતા ત્યારે આરોપીએ ચોરી કરવાના ઇરાદે કે બદદાનતથી લઇ લેવાના ઇરાદે ફરિયાદીના હાથમાંથી મોબાઇલ ફોન ચીલઝડપ કરી ઝુંટવી લઇ નાસી જઇ ઇ.પી.કોડની કલમ–૩૭૯(એ)(૩) મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે બનાવની તારીખે સમયે અને સ્થળે આરોપીએ ફરિયાદીનો પીછો કરી ફરિયાદી પાસે આવી ગંદી ગંદી ગાળો બોલી તથા ચારિત્ર વિશે પણ ગાળો બોલી અપમાન કરી ફરિયાદીને ઉશ્કેરાટનું કારણ આપી ઇ.પી.કોડની કલમ–૫૦૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૩. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. હકારમાં.

૩. આખરી હુકમ મુજબ

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ ની સંયુકત ચર્ચા :–</u>**

<u>રેકર્ડ પર રજુ થયેલ મૌખિક પુરાવા</u>

(૧૦) ફરિયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા માટે સાહેદ નં. ૧ તરીકે ફરિયાદી દ્રષ્ટિબેન પાર્થભાઇ જોષીને આંક–૧૪ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓના લગ્ન પાર્થ પરેશભાઇ જોષી સાથે તા. ૨૭.૧૧.૨૦૧૭ ના રોજ જ્ઞાતિના રીત રીવાજ મુજબ થયેલા. ત્યારબાદ તેણી તેણીના પતિ સાથે તેઓના ઘરે રહેવા માટે ગયેલા. લગ્નજીવન થકી તેમને સંતાનમાં એક દિકરી વ્યાના છે. લગ્નના થોડા સમય બાદ આરોપી પાર્થ દારુ પીને તેણીને ગંદી ગંદી ગાળો આપી મારઝુડ કરતા હતા. આવી હેરાનગતિ થતિ હોવાથી તેણી તેણીના પપ્પાના ઘરે રહેવા જતા રહેલ. બનાવ તા.૨૦.૦૨.૨૦૨૩ ના રોજ બનેલ હતો ત્યારે તેણી નવજીવન હ્યુનડાઇમાં નોકરી કરતા હતા અને ત્યાથી સાંજના પોણા સાતે છુટીને જાડેશ્વર ચોકડી થઇ તેમના ઘરે જતા હતા ત્યારે ઝાડેશ્વર સાંઇ મંદિર આવેલ છે ત્યાં તેણીના પતિ પાર્થ તેણીનો પીછો કરતા હતા અને પીછો કરીને તેણીને ગંદી ગંદી ગાળો આપી તેણીના ચારિત્ર ઉપર આંગળી ઉઠાવતા હતા. ત્યારબાદ તેણીએ તેણીના ભાઇને ફોન કરેલો. તેણીના પતિ તેણીને ધમકી આપવા લાગેલા કે તુ ફોન પર કોની સાથે વાતો કરે છે. તેણીના પતિએ તેણીને કહેલ કે તારા ભાઇને ફોન કરવો હોય તો કર તારો ભાઇ મારુ કંઇ બગાડી શકશે નહી અને એવુ પણ કીધેલુ કે તારે સી ડીવીઝન પોલીસ સ્ટેશન જવુ હોય તો જા. ત્યારબાદ તેણી તેણીનું જ્યુપીટર મોપેડ લઇને જવા નીકળેલ ત્યારે તેણીના પતિએ તેણીની બાજુમાં તેમની મોપેટ સાથે ચલાવી અને તુલસીધામથી જયોતિનગર જવાના રસ્તા પર ઈન્દ્રપ્રસ્થ જવાના રસ્તા

પર તેણીને ઉભી રાખી અને તેણીના હાથ પરથી મોબાઇલ ઝુંટવી લીધેલો અને મકતમપુર તરફ ભાગી ગયેલા. તેણીનો ફોન વીવો કંપનીનો V–23 5G હતો. તેમાં બે સીમ હતા. તેમાં એક જીઓ કંપનીનો હતો જેનો નંબર ૭૨૬૫૦ ૯૨૧૧૧ હતો. તેણીના ફોનની કિંમત તે વખતે રૂ.૩૮,૦૦૦/– હતી. ત્યારબાદ તેણીએ સી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જઇને તેણીના પતિ વિરુધ્ધ ફરિયાદ કરેલી. આ સાહેદે જુબાની દરમ્યાન મુદ્દામાલવાળો ફોન ઓળખી બતાવેલ છે.

૧૦.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેઓના આરોપી સાથે પ્રેમ લગ્ન થયેલા. એ હકીકત કબુલેલ છે કે તેણીના સાસુ સસરાએ તેઓના લગ્ન રીતિ રીવાજથી કરાવી પોતાની સાથે રાખેલા. તેણી દોઢ–બે વર્ષ તેણીના પતિ અને સાસુ સસરા સાથે રહેલ અને તેણીની દિકરોનો જન્મ તેણીના પિયરમાં થયેલો. દિકરીના જન્મ બાદ સાસરીમાં જવાનો પ્રસંગ બનેલો અને તેણી સાસરીમાં રહેતી હતી. સાહેદે ઉલટ તપાસમાં સ્વેચ્છાએ જણાવેલ છે તેણીના પતિ વિરૂધ્ભ્ધ ૧૮ થી ૧૯ અરજીઓ પોલીસ સ્ટેશનમાં કરેલી. એ હકીકત કબુલેલ છે કે તેણીએ તેણીના પતિ અને સાસુ સસરા વિરૂધ્ધ ઇ.પી.કોડની કલમ–૪૯૮(ક) હેઠળની ફરિયાદ તેમજ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ મુજબની અરજી કરેલી અને તે અદાલતમાં ચાલવા પર છે. ફરિયાદ આપ્યા બાદ ફરી વખત સી–ડીવીઝન પોલીસ સ્ટેશને જવાનું થયેલ કે કેમ તે ચોકકસ યાદ નથી. એ હકીકત નકારેલ છે કે તેણીના પતિએ ફોનમાંથી હકીકતો જાણવા અને ફોનમાં મેસેજો વાંચવા હોય તેથી ફોન લીધેલો. એ હકીકત નકારેલ છે કે આરોપીએ તેણીનો મોબાઇલ ફોન ઝુંટવેલો તે ખોટુ જણાવેલ છે.

(૧૧) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૫ તરીકે વિરાભાઈ ભાણાભાઈ પરમારને આંક–૨૧ થી તેમજ સાહેદ નં. ૬ તરીકે હરેશભાઇ નરસિંહભાઇ સોલંકીને આંક–૨૨ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ આ બંને સાહેદો બનાવવાળી જગ્યાની નજીક હાજર હતા અને

આરોપી મોબાઇલ ઝુંટવીને ભાગી ગયા પછી ફરિયાદીએ આ બંને સાહેદોને બનાવની વાત કરેલી. પરંતુ આ બંને સાહેદોએ પોતાની જુબાનીઓમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી. વિ.એ.પી.પી.શ્રીએ આ બંને સાહેદોને ફરી ગયેલા સાહેદો જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી. આમ, આ બંને સાહેદોનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થતો નથી.

(૧૨) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૨ તરીકે ફારૂકભાઇ યાકુબભાઇ પટેલને આંક–૧૬ થી તેમજ સાહેદ નં. ૩ તરીકે અલ્તાફભાઇ ઇસ્માઇલભાઇ પટેલને આંક–૧૮ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપી બનાવ વખતે જે મોપેડ ઉપર આવેલા તે મોપેડ આરોપીએ રજુ કરતા તે ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ તેના પંચનમાના પંચો છે. પરંતુ આ બંને પંચ–સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૩) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૪ તરીકે કિરીટભાઇ નટવરલાલ પટેલને આંક–૧૯ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ આ સાહેદ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓને મકતમપુર પોલીસ સ્ટેશનમાંથી ફોન આવેલો અને મકતમપુર ઇન્દ્રપ્રસ્થ પાસે હાજર રહેવા કહેલુ અને મોબાઇલ ચોરી બાબતે પંચનામુ કરવા જણાવેલુ. તેમની સાથે બીજા પંચ કનુભાઇ નાઇ હતા. પોલીસે તેઓને બનાવવાળી જગ્યા બતાવેલી. બનાવવાળી જગ્યા ઇન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ પાસે છે અને તેની આજુબાજુમાં એગ્રીકલ્ચરની ઓફિસની દિવાલો છે. પંચનામા દરમ્યાન ત્યાં ખુરશી નજીકમાં ખુરશી રીપેર કરવાવાળા હાજર હતા. બનાવવાળી જગ્યાએથી ફરિયાદી બેનનો મોબાઇલ ચોરી થયેલો. પંચનામુ પુર્ણ કરી તેમની સહીઓ લીધેલી. આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે પોલીસે તેઓને સાંજના સમયે બોલાવેલો અને પોલીસે તેમની લખેલા કાગળ ઉપર સહી કરાવેલી અને બનાવ વિશે તેમને

કોઇ જાત માહિતી નથી. આ સાહેદના પુરાવાથી આ સાહેદને પોલીસે બનાવવાળી જગ્યા બતાવીને પંચનામુ કરેલ હોવાનું જણાય છે.

(૧૪) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૭ તરીકે તપાસ કરનાર અધિકારી પીન્ટુકુમાર જગન્નાથ સાળુંકેને આંક–૨૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તા.૨૦.૦૨.૨૦૨૩ ના રોજ તેમની નોકરી ભરૂચ શહેર સી–ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે હતી. દરમ્યાન તેમને પોલીસ સ્ટેશન અમલદાર પ્રિતીબેન તરફથી એક ફરિયાદ ચાદી સાથે મળેલી. ફરિયાદનો અભ્યાસ કર્યા બાદ ફરિયાદની હકીકતના આધારે પ્રથમ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલુ. આ કામે ગુન્હાવાળી જગ્યાની આજુબાજુના સાહેદોના નિવેદનો મેળવવામાં આવેલા. ત્યારબાદ ફરિયાદીના ભાઇ, માતા, પિતાના નિવેદનો લેવામાં આવેલા. બાદ આ કામે આરોપી પાર્થ જોષીનાઓએ આ કામે ઝુંટવીને લઈ ગયેલ મોબાઈલ ફોન રજુ કરતા જે બે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે લેવામાં આવેલ. ત્યારબાદ આ કામે આરોપી પાર્થ જોષી હાજર થતા સદર ગુન્હામાં વપરાયેલ હોન્ડા કપંનીની મોપેડ ડીયો રજુ કરતા હોય જે પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે લેવામાં આવેલ. આ કામે આરોપીની અટક કરીને તેની શરીરસ્થિતિનુ પંચનામુ બે પંચોની હાજરીમા કરવામા આવેલ. ત્યારબાદ મોબાઈલ ફોન પરિક્ષણ સારૂ એફ.એસ.એલ.,સુરત ખાતે રવાનગી પત્રક સાથે મોકલી આપવામા આવેલ. ત્યારબાદ તપાસના કામે આરોપીના મોબાઈલ નંબરની કોલ ડિટેઈલ મેળવવા નાયબ પોલિસ અધિક્ષક, ભરૂચને ચાદી કરેલ. સદર ચાદી સાથે નોડલ ઓફિસરને મોબાઈલ નંબરની ચાદી મોકલી આપેલ. ત્યારબાદ એફ.એસ.એલ.માંથી એક્ઝામીનેશન રીપોર્ટ આવી જતા તે મેળવીને તપાસના કામે સામેલ રાખેલ. સદર રીપોર્ટ વંચાણે લેતા જે મોબાઈલ

આરોપીએ ઝુટવ્યા બાદ સદર ફરિયાદીના મોબાઈલનુ લોક ખોલીને તેની ડિટેઈલ ચેક કરેલી અને ગુન્હાની તપાસ પુર્ણ કર્યા બાદ આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા જણાઈ આવતા હોય ના. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

૧૪.૧ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલી ઉલટ તપાસ જોતાં તપાસ કરનાર અધિકારીએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે મુદ્દામાલવાળા મોબાઈલની માલિકી બાબતે તેમણે કોઇ આધાર લીધેલ નથી. એ હકીકત કબુલેલ છે કે મોબાઈલ ફોન આરોપીના ભાઈ વેદાંત જોષીનાઓએ સ્વખુશીથી રજુ કરેલ છે. એ હકીકત કબુલેલ છે કે જો મોબાઈલ લોક કરેલ હોય તો પાસવર્ડથી જ ખુલે. તેમની તપાસમાં ખુલેલ નહી કે ફરિયાદીએ આરોપીને મુદ્દામાલવાળા મોબાઈલનો પાસવર્ડ આપેલ હોય. આરોપીએ ફરિયાદીનો મોબાઈલ ફોન કેવી રીતે ચાલુ કરેલો તેની તેમણે કોઇ તપાસ કરેલ નહી, પરંતુ એફ.એસ.એલ.માં મોકલાવેલો. આ કામે આંક–ર૯ થી મુદ્દામાલ રવાનગી નોંધ રજુ થયેલ છે તે જોતાં મુદ્દામાલવાળો મોબાઈલ ફોન ''આ મોબાઈલમાં કોઈ છેડછાડ થયેલ છે કે કેમ ?'' તેવી તપાસ કરવા માટે એફ.એસ.એલ.માં મોકલેલ હોવાનું જણાય છે. આંક–૩૧ થી રજુ થયેલ એફ.એસ.એલ. રીપોર્ટ જોતાં તપાસના પરિણામમાં જણાવેલ છે કે "Data asked in police query were not found in SIM card Exh–AS1 & Exh–AS2."

(૧૫) ફરિયાદીના પુરાવા મુજબ બનાવ તા.૨૦.૦૨.૨૦૨૩ ના રોજ બનેલ હતો ત્યારે તેણી નવજીવન હ્યુનડાઈમાં નોકરી કરતા હતા અને ત્યાથી સાંજના પોણા સાતે છુટીને જાડેશ્વર ચોકડી થઈ તેમના ઘરે જતા હતા ત્યારે ઝાડેશ્વર સાંઈ મંદિર આવેલ છે ત્યાં તેણીના પતિ પાર્થ તેણીનો પીછો કરતા હતા અને પીછો કરીને તેણીને ગંદી ગંદી ગાળો આપી તેણીના ચારિત્ર ઉપર આંગળી ઉઠાવતા હતા. બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતાં આરોપીએ ફરિયાદીનો પીછો કરી

ફરિયાદીને ગંદી ગંદી ગાળો ફરિયાદીના ચારિત્ર ઉપર આંગળી ઉઠાવેલ છે તે પુરાવાને ઉલટ તપાસમાં પડકારવામાં આવેલ હોવાનું જણાતુ નથી. તેવા સંજોગોમાં આરોપીએ ફરિયાદીને ગંદી ગંદી ગાળો આપી ચારિત્ર ઉપર આંગળી ઉઠાવેલ હોવાનો પુરાવો નહિ માનવા માટે કોઈ કારણ રહેતુ નથી. વધુમાં ના.સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંત મુજબ ભોગ બનનાર સાહેદના પુરાવાને દરેક કિસ્સામાં અન્ય સાહેદો કે સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળવું જ જોઈએ તેવું જરૂરી નથી. વધુમાં આરોપીએ ફરિયાદીનો પીછો કરી તેણી ઉપર શંકા રાખી તેણીને ગંદી ગંદી ગાળો બોલી મોબાઈલ ફોન ઝુંટવીને લઈ લીધેલ હોવાનો જે આક્ષેપ છે તેવો આક્ષેપ ખોટો કરવા માટેનું કોઈ કારણ નથી. ફરિયાદીએ અગાઉ આરોપી અને તેઓના પરિવાર વિરૂધ્ધ ફરિયાદ કરેલ છે તેમજ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળની અરજી કરેલ છે તેના કારણે હાલની ફરિયાદ ખોટી કરેલ છે તેમ કહી શકાય નહી. આ ઉપરાંત આરોપીના પોતાના બચાવ મુજબ આરોપીને ફરિયાદીના ફોનમાંની વિગતો જાણવી હોય અને મેસેજ વાંચવા હોય તેથી ફોન લીધેલો. ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં ફરિયાદીના પુરાવાથી આરોપીએ ફરિયાદીને ગંદી ગંદી ગાળો આપી ચારિત્ર ઉપર આંગળી ઉઠાવી ફરિયાદીને ઉશ્કેરાટનું કારણ આપી ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થાય છે.

(૧૬) વધુમાં આરોપીએ ફરિયાદી પાસેથી ફોન ઝુંટવી લીધેલ હોવાનું ફરિયાદીના પુરાવાથી પુરવાર થાય છે. પરંતુ શું આરોપીએ ફરિયાદી પાસેથી ફોન 'બદદાનતથી લઈ લેવાના ઈરાદે' કે 'ચોરી કરવાના ઈરાદે' ઝુંટવી લીધેલ કે કેમ ? કે અન્ય કોઈ ઈરાદે ઝુંટવી લીધેલ તે નકકી કરવા માટે આ તબકકે ઈ.પી.કોડની કલમ–૩૭૮,૩૭૯, ૩૭૯(૧) અને ૩૭૯(એ)(૩) ધ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

<u>Section 378 : Theft</u> :-

Whoever, intending to take dishonestly any movable property out of the possesion of any person without that person's consent, moves that property in order to such taking, is said to commit theft.

Section 379 : Punishment for theft -

Whoever commits theft shall be punished with imprisonment of either description for a term which may extend to threee years, or with fine, or with both.

In its application to the State of Gujarat after Section 379 of the Indian Penal Code, the following sections shall be inserted, namely :-

Section-379(A) : Snatching :-

(1) Whoever, with the intention to commit theft, suddenly or quickly or forcibly seizes or secures or grabs or takes away from any person or from his physical possession any moveable property, and makes or attempt to make escape with such property, is said to commit snatching.

(2) Whoever attempts to commit snatching shall be punished with rigorous imprisonment for a term which shall not be less than five years but which may extend to ten years, and with fine which may extend to twenty five thousand rupees.

(3) Whoever commits snatching shall be punished with rigorous imprisonment for a term which

shall not be less than seven years but which may extend to ten years, and with fine which may extend to twenty five thousand rupees.

(૧૭) કાયદાની ઉપરોકત જોગવાઇઓ અને આરોપી ધ્વારા કરવામાં આવેલ કૃત્ય ધ્યાને લેતાં, ફરિયાદીના પુરાવા મુજબ આરોપીએ ફરિયાદી પાસેથી મોબાઇલ ફોન લઇ લીધેલો તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ સાથોસાથ એ હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે ફરિયાદી અને આરોપી પતિ પત્નિ છે અને લગ્નજીવનથી એક દિકરી પણ છે પરંતુ બંને વચ્ચે બનતુ ન હોઇ ફરિયાદી પોતાના પિયરમાં રહે છે અને ફરિયાદીએ આરોપી સામે ઘણી વખત પોલીસ સ્ટેશનમાં અરજીઓ કરેલ છે તેમજ ફરિયાદીએ પોતાના પતિ અને સાસુ સસરા વિરૂધ્ધ ઇ.પી.કોડની કલમ-૪૯૮(ક) અને ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળની ફરિયાદો કરેલ છે. આરોપી ફરિયાદીના પતિ છે એટલે કે ફરિયાદી આરોપીને સારી રીતે ઓળખે છે. જો આરોપીનો ઇરાદો ચોરી કરવા માટે મોબાઇલ ઝુંટવી લેવાનો હોત તો આરોપીએ ફરિયાદીનો મોબાઇલ ઝુંટવી લીધો ન હોત, અન્ય વ્યકિતઓ કે જેઓ આરોપીને ઓળખતા નથી તેઓનો મોબાઇલ ઝુંટવી લીધો હોત. વધુમાં ફરિયાદીનો પુરાવો જોતાં આરોપીએ ફરિયાદી પાસેથી મોબાઇલ લઇ લીધેલ તે પહેલા આરોપીએ ફરિયાદીને ગંદી ગંદી ગાળો આપી ફરિયાદીના ચારિત્ર અંગે આંગળી ઉઠાવેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. આ હકીકત જોતાં આરોપીનો ઇરાદો ચોરી કરવા માટે અને કાયમી રીતે પોતાની પાસે રાખી લેવા માટે મોબાઇલ ઝુંટવી લેવાનો હોવાનું પુરવાર થતુ નથી. ચોરીના કિસ્સામાં 'બદદાનત' અને 'ચોરી કરવાનો ઇરાદો' મહત્વના અને આવશ્યક તત્વો છે. હાલનો જે બનાવ બનેલ છે તે પતિ પત્નિ વચ્ચેના ઝઘડાના કારણે તેમજ આરોપી ફરિયાદી ઉપર શંકા કરતા હોઇ ફરિયાદી ફોન ઉપર કોની સાથે વાત કરે છે તે તપાસવા માટે બનેલ હોવાનું જણાય છે. જેથી ફરિયાદીના પુરાવાથી આરોપી સામે ઇ.પી.કોડની કલમ-૩૭૯(એ)(૩) મુજબનો ગુન્હો

કર્યો હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ નથી. વિ.સરકારી વકીલશ્રીની રજુઆત છે કે મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળો મોબાઇલ જે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ અને એફ.એસ.એલ.ના રીપોર્ટ મુજબ ફોનમાં છેડછાડ કરવામાં આવેલ છે. પરંતુ વિ.સરકારી વકીલશ્રીની આ રજુઆત સ્વીકારી શકાય તેમ નથી કારણ કે આરોપી સામે મોબાઈલના ડેટા સાથે છેડછાડ કરવા માટેના ગુન્હાની ચાર્જશીટ કરવામાં આવેલ નથી કે તે અંગે કોઇ તહોમતનામુ પણ ફરમાવવામાં આવેલ નથી. વધુમાં ડેટામાં કેવા પ્રકારના ચેડા કરવામાં આવેલ છે તે અંગે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૧૮) આમ, ફરિયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપીએ ફરિયાદી પાસેથી ફોન 'બદદાનતથી લઈ લેવાના ઈરાદે' કે 'ચોરી કરવાના ઈરાદે' ઝુંટવી લીધેલ હોય તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. પરંતુ આરોપીએ ફરિયાદીને અપમાન કરવાના ઈરાદે ગંદી ગંદી ગાળો આપી ચારિત્ર ઉપર આંગળી ઉઠાવી ફરિયાદીને ઉશ્કેરાટનું કારણ આપી ઈ.પી.કોડની કલમ-૫૦૪ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થાય છે. જેથી કાયદામાં નિર્દિષ્ટ સજા બાબતે ફરિયાદ પક્ષ અને આરોપીને સાંભળવા આવશ્યક જણાય છે. તેથી આ કામ આ તબકકે સજા માટે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨૫મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૫.૦૩.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨

<u>સજા અંગે સાંભળ્યા.</u>

(૧૯) ફરિયાદ પક્ષ તરફે વિ.સરકારી વકીલશ્રીની રજુઆત છે કે આ કામે આરોપીએ અલગ રહેતા તેમના પત્નિ (ફરિયાદી)નો પીછો કરી બિભત્સ ગાળો આપી ચારિત્ર ઉપર શંકા કરી ફરિયાદીને ઉશ્કેરાટનું કારણ આપેલ છે. જેથી સમાજમાં દાખલો બેસે તેવી સખતમાં સખત સજા કરવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓએ ફરિયાદીને યોગ્ય વળતર મળી રહે તે ધ્યાને લઇ દંડ અને વળતરનો હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૨૦) આરોપી તેમજ આરોપીના વિ.વકીલશ્રી હાજર છે. તેઓની રજુઆત છે કે આરોપી ફરિયાદીના પતિ છે અને બંને વચ્ચે પ્રેમ લગ્ન થયેલા અને ત્યારબાદ ફરિયાદી આરોપીથી અલગ રહેતા હોઇ અને આરોપી સાથે વાતચીત કરતા ન હોઇ આવેશમાં બનાવ બની ગયેલ છે. આરોપીએ કોઇ ઇરાદાપુર્વક વર્તન કરેલ નથી તેમજ આરોપીનો ઇરાદો ફરિયાદીને અપમાનીત કરવાનો પણ ન હતો. ફરિયાદી ધ્વારા આરોપી અને તેઓના પરિવારના સભ્યો સામે ઇ.પી.કોડની કલમ–૪૯૮(ક) અને ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળની ફરિયાદો પણ કરવામાં આવેલ છે. આરોપી ગાડી લે–વેચનું કામ કરે છે અને તેઓની ઉપર તેમના માતા–પિતાના ભરણપોષણની જવાબદારી છે તેમજ આરોપીની ઉંમર માત્ર ૩૦ વર્ષની છે. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. જેથી પ્રોબેશનનો લાભ આપવા રજુઆત કરેલ છે.

(૨૧) આ કામે રેકર્ડ જોતાં આરોપી વિરૂધ્ધ ઇ.પી.કોડની કલમ–૫૦૪ મુજબનો ગુન્હો પુરવાર થયેલ છે. ઇ.પી.કોડની કલમ–૫૦૪ હેઠળના ગુન્હામાં મહત્તમ બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ અથવા બંનેની જોગવાઇ છે. આ કામે આરોપી તરફે પ્રોબેશનનો લાભ આપવા રજુઆત કરવામાં આવેલ છે. આ કામે ગુન્હાનો સ્વરૂપ, જે સંજોગોમાં બનાવ બનેલ છે તે સંજોગો, ફરિયાદી અને આરોપી વચ્ચેનો પતિ–પત્નિનો સંબંધ તેમજ આરોપીને ઇ.પી.કોડની કલમ–૩૭૯(એ)(૩) મુજબના ગંભીર ગુન્હામાંથી નિર્દોષ જાહેર કરવામાં આવેલ છે તે

તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને કેદની સજા કરવાનું યોગ્ય જણાતુ નથી અને આ કામે ઉદાર વલણ અપનાવવાનું યોગ્ય જણાતુ હોઈ દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું માનવું છે. વધુમાં ફરિયાદી સાથે જે બનાવ બનેલ છે તે માટે તેઓને દંડની રકમમાંથી યોગ્ય વળતર આપવાનો હુકમ કરવાનું પણ યોગ્ય જણાય છે. તેવા સંજોગોમાં આરોપીને પ્રોબેશનનો લાભ આપવાનું ન્યાયોચીત જણાતુ નથી. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે આરોપીને ઈ.પી.કોડની કલમ-૩૭૯(એ)(૩) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૨) અન્વયે આરોપીને ઈ.પી.કોડની કલમ-૫૦૪ મુજબના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી રૂા.૧૫,૦૦૦/- અંકે રૂપીયા પંદર હજાર પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો તેઓને એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીએ દંડની રકમ ભર્યેથી તેમાંથી રૂા.૧૩,૦૦૦/- અંકે રૂપીયા તેર હજાર પુરા ફરિયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૩.૧ દંડની રકમ આરોપીએ પંદર દિવસના સમયગાળામાં અત્રેની અદાલતમાં જમા કરાવવાની રહેશે.

૪. મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ મોપેડ ગાડી નં. જી.જે.૧૬.ડીએ.૭૪૪૭ ને ભરૂચના વિ.ચોથા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ તા.૧૬.૧૦.૨૦23 ના રોજ કરેલ હુકમ કાયમ રાખવામાં આવે છે.

૪.૧ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ વીવો મોબાઇલ ફોન અપીલ સમય પછી ફરિયાદીને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આ ચુકાદાની એક પ્રમાણિત નકલ આરોપીને વિના મૂલ્યે તાત્કાલીક પુરી પાડવી.

તારીખ : ૨૫.૦૩.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨

ના.સર્વોચ્ચ અદાલત સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૩ – મનોજભાઇ જેઠાભાઇ પરમાર (રોહિત) વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા અને મુદ્દામાલની વિગતો નીચે મુજબ છે.

ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા :</u>**

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૪ | ધ્રુસ્ટીબેન પાર્થભાઇ જોષી | ફરિયાદી |
| ૨ | ૧૬ | ફારૂકભાઇ યાકુબભાઇ પટેલ | આરોપી પાસેથી મોપેડ કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૩ | ૧૮ | અલ્તાફભાઇ ઇસ્માઇલભાઇ પટેલ | '' |
| ૪ | ૧૯ | કિરીટભાઇ નટવરલાલ પટેલ | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ |
| ૫ | ૨૧ | વિરાભાઇ ભાણાભાઇ પરમાર | બનાવવાળી જગ્યાની નજીકના સાહેદ |
| ૬ | ૨૨ | હરેશભાઇ નરસિંહભાઇ સોલંકી | '' |
| ૭ | ૨૫ | પીન્ટુકુમાર જગન્નાથ સાળુંકે | તપાસ કરનાર અધિકારી |

**<u>દસ્તાવેજી પુરાવા :</u>**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત | કોણે પુરવાર/ સાક્ષ્યાંકિત કર્યો |
|---|---|---|---|
| ૧ | ૧૫ | ફરિયાદ | સાહેદ નં. ૧ |

| | | | |
|---|---|---|---|
| | | | (આંક–૧૪) |
| ૨ | ૧૭ | આરોપી પાસેથી મોપેડ કબજે કર્યાનું પંચનામુ | સાહેદ નં. ૨ (આંક–૧૬) અને સાહેદ નં. ૩ (આંક–૧૮) |
| ૩ | ૨૦ | બનાવવાળી જગ્યાનું પંચનામુ | સાહેદ નં. ૪ (આંક–૧૯) |
| ૪ | ૨૬ | તપાસ સોંપ્યાની યાદી | સાહેદ નં. ૭ (આંક–૨૫) |
| ૫ | ૨૭ | આરોપીના ભાઇએ મોબાઇલ રજુ કરતા તે કબજે લીધાનું પંચનામુ | '' |
| ૬ | ૨૮ | આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ | '' |
| ૭ | ૨૯ | મુદ્દામાલ રવાનગી નોંધ | '' |
| ૮ | ૩૦ | આરોપીના કોલ ડીટેલ્સ મેળવવા લખેલ યાદી | '' |
| ૯ | ૩૧ | એફ.એસ.એલ.નો પત્ર અને એકઝામીનેશન રીપોર્ટ | '' |
| ૧૦ | ૩૨ | પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નું પ્રમાણપત્ર | '' |
| ૧૧ | ૩૩ | મોબાઇલ એકસ્ટ્રેકશન રીપોર્ટ | '' |

**આરોપી તરફે આ કામે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.**

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અ.નં. | મુદ્દામાલની વિગત | કોણે પુરવાર/ સાક્ષ્યાંકિત કર્યો |
|---|---|---|
| ૧ | વીવો કંપનીનો ગ્રે કલરનો વી–૨૩ ૫–જી મોબાઇલ | સાહેદ નં. ૧ (આંક–૧૪) |
| ૨ | હોન્ડા મોપેડ ડીઓ નં. જીજે.૧૬.ડીઇ. ૭૪૪૭ | સાહેદ નં. ૨ (આંક–૧૬) અને સાહેદ નં. ૩ (આંક–૧૮) |

તારીખ : ૨૫.૦૩.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨